અપીલ અરજી નં.૬૬૮ તા.૦૫–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશનઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મ્યુ.વર્કશોપ)
પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૩૧–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સેન્ટ્રલઝોનમાં કેટલી શેરી, કેટલા મોહલ્લા–પોળ, કેટલી સોસાયટી આવેલી છે તેમાં કેટલા રસ્તા આવેલ છે.(૨) સેન્ટ્રલઝોનમાં જાન્યુઆરી ૨૦૧૨ મહિના સુધીમાં કેટલા રસ્તા રીકાર્પેટ કરવામાં આવ્યા છે. (૩) કયા કયા વિસ્તારમાં તેના શેરી, સોસાયટી, મોહલ્લા, પોળના નામ આપવા રીકાર્પેટ કરેલા રસ્તાની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ કેટલી તે જણાવવું વિ. મુદ્દા નં. (૧)થી(૧૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૫–૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૬૮/૨૦૧૧–૧૨

શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયાની તા.૩૧–૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) સેન્ટ્રલઝોનમાં કેટલી શેરી, કેટલા મહોલ્લા–પોળ, કેટલી સોસાયટી આવેલી છે તેમાં કેટલા રસ્તા આવેલ છે (૨) સેન્ટ્રલઝોનમાં જાન્યુઆરી ૨૦૧૨ મહિના સુધીમાં કેટલા રસ્તા રીકાર્પેટ કરવામાં આવ્યા છે (૩) કયા કયા વિસ્તારમાં તેના શેરી, સોસાયટી, મહોલ્લા, પોળના નામ આપવા રીકાર્પેટ કરેલા રસ્તાની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ કેટલી તે જણાવવું વિ. મુદ્દા નં. (૧)થી (૧૫) ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૫–૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૯૫ તા.૧૫–૩–૧૨ થી** ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશનઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મ્યુ.વર્કશોપ) પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને પક્ષકાર જાહેર માહિતી અધિકારી મુદ્દાવાર સ્પષ્ટ કરી કઈ માહિતી મળેલ નથી તે સ્પષ્ટ જણાવવા તથા તે મુદ્દા માટે તબદીલ થયેલ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ માહિતી મળેલ હોય તો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૨૯૪ તા.૧૯–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૨૧૯૨ તા. ૧–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ, મધ્યસ્થ મહેકમ લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ,આઈટી અધિકારીઓને પ્રોપર્ટીની વિગતો આપવા સીબીડીટીના આદેશો અંગેના પેપર કટીંગની નકલ, જીએડી/ઈએસટી/૩૬૪૮ તા. ૨–૨ –૧૨ થી મુદ્દા નં.૧૦ની વિગત અંગે ગુજરાત રાજય ગાંધીનગરને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે

પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૪૯ તા.૨–૨–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.વર્કશોપ/આ.નં.૧૧૭૦ તા. ૨૩–૩–૧૨ થી પૂરક વિગતોમાં અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૧૦૭૨ તા. ૧૫–૨–૧૨ ની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પેપર કટીંગની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૭૮૦ તા. ૨૯–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, પેપર કટીંગની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૪૫૦ તા.૨૪–૨–૧૨ ના પત્રની નકલ , સેન્ટ્રલઝોનના ઉત્તર તેમજ દક્ષિણ વિભાગના રસ્તા કારપેટ/રીકારર્પેટ કરવામાં આવેલ પત્રકની નકલ અત્રે મળેલ છે. તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૭૮ તા.૧૦–૪–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૫૬૩ તા.૩–૩–૧૨ ના પત્રથી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૫૯ તા.૭–૪–૧૨ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, પેપર કટીંગની નકલ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.વીઆઈડી/૨૨૯૭ તા.૨૭–૨–૧૨ ના પત્રની નકલ, એકનોલેજમેન્ટ સ્લીપની નકલ, ટેસ્ટીંગ રીપોર્ટની નકલ , સેન્ટ્રલઝોન ના વોર્ડ ઓફિસોની હાજરી ચેકીંગ તથા સ્ટોક ચેકીંગ અંગેના પત્રકો તથા તે અંગે કરેલ રીપોર્ટની નકલો તથા અરજદારને વીઆઈડી/૫૮ તા.૭–૪–૧૨ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૩૧–૧–૧૨ ની અરજીથી સેન્ટ્રલઝોનના મહોલ્લા, સોસા. તથા રસ્તા તેમજ રસ્તાની લંબાઈ , પહોળાઈ રીકારર્પેટીંગ બિન ઉપયોગી વાહનો , ફુટપાથો, લાઈટપોલના કલમ, બાંધકામો , આઈએસ અધિકારીની માહિતી, વીજીલન્સ વિભાગ ધ્વારા સેન્ટ્રલઝોનની તપાસ અંગેની માહિતી વિ. મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૨૧૯૨ તા. ૧–૨–૧૨ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી વીજીલન્સ, મધ્યસ્થ મહેકમ લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં મધ્યસ્થ મહેકમ તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ ૩૬૪૮ તા.૨–૨–૧૨ થી મુદ્દા નં.૧૦ અંગે અંશતઃ જાહેર માહિતી અધિકારી સામાન્ય વહીવટી વિભાગ, સચિવાલયને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી મુદ્દા નં.૧૦ અંગે અંશતઃ પત્ર નં.જીએડી/ઈએસટી/૩૬૪૯ તા.૨–૨–૧૨ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી મ્યુ. વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/આ.નં.૧૦૭૨ તા.૧૫–૨–૧૨ થી સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે કે તેમને સ્પર્શતો કોઈ મુદ્દો નથી. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૪૫૦ તા.૨૪–૨–૧૨ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૨,૩,૧૨,૧૩ અને પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૫૬૩ તા.૩–૩–૧૨ થી નિયત સમય અવધિ બાદ મુદ્દા નં.૮ ની માહિતી આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૨૨૯૭ તા.૨૭–૨–૧૨ થી મુદ્દા નં.૧૨ અને ૧૩ ની માહિતી આપવામાં આવેલ છે. અરજદારના અરજીના મુદ્દા નં. (૧) સેન્ટ્રલઝોનમાં કેટલી શેરી, કેટલા મહોલ્લા–પોળ, કેટલી સોસાયટી આવેલી છે તેમાં કેટલા રસ્તા આવેલ છે (૨) સેન્ટ્રલઝોનમાં જાન્યુઆરી ૨૦૧૨ મહિના સુધીમાં કેટલા રસ્તા રીકાર્પેટ કરવામાં આવ્યા છ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનમાં જાન્યુ. ૨૦૧૨ સુધીમાં કુલ ૧૧૨ રસ્તા રીકાર્પેટ કરવામાં આવેલ છે. વધુમાં રસ્તાઓની વિગત જાણવા માટે પાના નંગ–૩ ના રૂા.૨/– લેખે રૂા.૬/– જમા કરાવ્યેથી માહિતી ઉપલબ્ધ થશે તેવું જણાવેલ છે. (૩) કયા કયા વિસ્તારમાં તેના શેરી, સોસાયટી, મહોલ્લા, પોળના નામ આપવા રીકાર્પેટ કરેલા રસ્તાની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ કેટલી તે જણાવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી હાલમાં ટેન્ડરમાં કુલ ૨૩૪૪૨.૦૦૨.મી. રસ્તા જુદી જુદી પહોળાઈ અને જાડાઈના બનાવવામાં આવ્યા છે આ અંગેના રજીસ્ટરની ચકાસ ણી તા.૧૨–૩–૧૨ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સે.ઝોન/ કચેરી પ્રથમ માળ રોડ વિભાગમાં રૂબરૂ આવીને કરી શકો છો જેના અડધા કલાક સુધી ફ્રી ઓફ ચાર્જ અને ત્યાર બાદ દર ૩૦ મીનીટ દીઠ રૂા.૨૦/– ચાર્જ જમા કરાવવાનો રહેશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) સેન્ટ્રલઝોનમાં કેટલા વાહન બિન ઉપયોગી છે અને કયા કયા વિસ્તારમાં કયા કયા ખાતામાં બિન ઉપયોગી વાહનો કયા પ્રકારના છે. તે અંગે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન દ્વારા કોઈ માહિતી આપ્યાનું કે અપવાદ હેઠળ ઈન્કાર કર્યાનું જણાતું નથી. મુદ્દા નં.(૫) સેન્ટ્રલઝોનમાં કેટલા રસ્તા ઉપર સીમેન્ટનું પડ પાથરવામાં આવેલ છે કયા કયા વિસ્તારમાં હવે પછી કેટલા રસ્તા ઉપર પાથરવામાં આવશે કોઈ સંખ્યા નકકી કરવામાં આવી છે કે કેમ? મુદ્દા નં.(૬) કમેલા દરવાજા ગૌતમ માર્કેટથી લઈને રઘુકુળ માર્કેટ સુધીનો રસ્તાને ધીસી મારીને તોડી નાખવામાં આવ્યો છે તો આ રસ્તો કયારે બનાવવામાં આવશે એક મહીનાથી આ રસ્તો તોડવામાં આવ્યો છે તેનું કારણ શુ છે. તે અંગે કોઈ માહિતી આપેલ જણાતી નથી. મુદ્દા નં.(૭) સેન્ટ્રલઝોનમાંથી તમામ ફુટપાથ દુર કરી દેવી જોઈએ જો ફુટપાથ દુર કરી શકાય એમ નહીં હોય તો ફુટપાથનું લેવલ રોડના લેવલથી કરી દેવું જોઈએ જેથી રસ્તો ૪ થી ૬ ફુટ પહોળો થાય અને લોકોના વાહનો અંદરથી પાર્કીગ થાય તો રસ્તો પહોળો થશે અને ટ્રાફીક ઓછો જામ થશે (દાખલો) સૈયદપુરા વાંકીબોરડી વોર્ડ નં.૧૨ ની વોર્ડ ઓફિસ

પાસે જોશો તો આપને ખ્યાલ આવશે. મુદ્દા નં.(૮) સેન્ટ્રલઝોનમાં હાલમાં કેટલા બાંધકામ ચાલે છે કયા કયા વિસ્તારમાં સેનટ્રલઝોનમાં ચાલતાં બાંધકામના પ્લાન મંજુર કરવામાં આવ્યા હોય તેમાં કોઈ ગેરકાયદેસર બાંધકામ થાય છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી માંગ્યા મુજબની માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ગેરકાયદેસર બાંધકામ બાબતે કુલ–૫૪ નોટીસ પાઠવવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) સેન્ટ્રલઝોનમાં કેટલા લાઈટપોલ છે તેની સંખ્યા કેટલી છે. મુદ્દા નં.(૧૦) સેન્ટ્રલઝોનમાં આવેલા લાઈટપોલને કલરકામ કરવાના કેટલા બાકી છે તેની સંખ્યા કેટલી અને કયાં કયાં વિસ્તારમાં કલરકામ કરવાના બાકી છે અને તેનું કારણ શુ છે. મુદ્દા નં. ૯ અને ૧૦ની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન દ્રારા અપાયેલ જણાતી નથી. મુદ્દા નં.(૧૧) સુરત મહાનગર સેવાસદનમાં આઈ.એ.એસ કક્ષાના અધિકારીઓ કેટલા, તેમણે તેમની સ્થાવર મિલ્કતો જાહેર કરી છે ખરી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી સુરત મહાનગરપાલિકામાં હાલમાં આઈ.એ.એસ કક્ષાના એક અધિકારી શ્રી એમ. કે. દાસ મ્યુનિસિપલ કમિશ્નર તરીકે ફરજ બજાવે છે. તેવું જણાવેલ છે. તથા અંશતઃ માહિતી માટે પત્ર નં.જીએડી/ ઈએસટી/ ૩૬૪ ૮ તા.૨–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી સમાન્ય વહીવટી વિભાગ ગુજરાત સરકાર સચિવાલય ગાંધીનગરને તબદીલ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૧૨) વીજીલન્સ વિભાગે સેન્ટ્રલઝોનમાં કેટલીવાર ખાતાઓમાં તપાસ કરી છે અને તેનો રીપોર્ટ શુ છે તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી સેન્ટ્રલઝોનમાં હવે પછી રીકાર્પેટ કરવામાં આવનાર રસ્તાઓની વિગત જાણવા માટે પાના નંગ–૨ ના રૂા.૨/– લેખે કુલ રૂા.૪/– જમા કરાવ્યેથી માહિતી ઉપલબ્ધ થશે તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી વીજીલન્સ વિભાગે સેન્ટ્રલઝોનમાં જાન્યુ. ૨૦૧૧ થી ડીસે.૨૦૧૧ સુધીમાં સેન્ટ્રલઝોન માં (બે) વખત રસ્તા અંગે તપાસ કરવામાં આવેલ છે તથા આજ સમયગાળા દરમ્યાન સેન્ટ્રલઝોન વિસ્તારમાં આવેલ વિવિધ કચેરીઓમાં કુલ–૩૯ વખત ચેકીંગ કરવામાં આવેલ છે જે અન્વયે ક્ષતિ જણાયે સંબધિત ઝોનને નિયમોનુસાર ઘટીત કાર્યવાહી થવા સારું રીપોર્ટ મોકલવામા આવેલ છે. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પત્ર નં.વીઆઈડી/૫૮ તા.૭–૪–૧૨ થી જાન્યુ. ૨૦૧૧ થી ડીસે.૨૦૧૧ દરમ્યાન સેન્ટ્રલઝોન વિસ્તારમાં કરવામાં આવેલ હાજરી તથા અન્ય ચેકીંગ અંગેના રીપોર્ટની નકલ પણ અરજદારને પૂરી પાડવામાં આવેલ. તેવું સમય અવધિમાં જણાવેલ છે. મુદ્દા નં.(૧૩) વીજીલન્સ વિભાગની જાન્યુ. ૨૦૧૧ થી ડીસે. ૨૦૧૧ સુધીની કામગીરીનો અહેવાલ શું છે તેમણે શું કામગીરી કરી છે તે જણાવવું. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મે. કમિ.શ્રીની નોંધ નં.સીએન/૧૦૧ તા.૬–૯–૦૭ અન્વયે રસ્તા કાર્પેટ /રીકાર્પેટ અંગેની કામગીરી કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી વીજીલન્સ વિભાગમાં કામગીરીનો અહેવાલની માહિતી નાણાકીય વર્ષ પ્રમાણે રાખવામાં આવે છે મુજબ તા.૧–૪–૧૧ થી તા.૩૧–૧–૧૨ સુધીની વિગત નીચે મુજબ છે. તા.૧–૪–૧૧ થી તા.૩૧–૧–૧૨ સુધીમાં વીજીલન્સ ખાતા ધ્વારા કુલ–૧૩૩ તપાસ રીપોર્ટની ફાઈલ પૈકી ૧૨૧ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે તે સિવાયના કેસો હાલ તપાસ હેઠળના છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૪) સેન્ટ્રલઝોનમાં હવે પછી કેટલા રસ્તા રીકાર્પેટ કરવાના છે તે જણાવવું અને કયા કયા વિસ્તારમાં. મુદ્દા નં.(૧૫) સેન્ટ્રલઝોનમાં રસ્તા રીકાર્પેટ કરવા માટે કોઈ સમય મર્યાદા રાખવામાં આવી છે કે કેમ રસ્તા કયારે રીકાર્પેટ કરવામાં આવે છે. મુદ્દા નં. ૧૪, ૧૫ ની કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી દ્રારા અપાયેલ જણાતી નથી કે ઈન્કાર માટે અપવાદ જણાવેલ નથી. પરંતુ તેનો સમાવેશ કમિ.શ્રીની નોંધમાં થતો જણાય છે. જે જાહેર માહિતી અધિકારીએ ફી ભરી મેળવી લેવા પ્રસ્તાવ કરેલ છે.

જાહેર માહિતી અધિકારી વર્કશોપ તરફથી પત્ર નં.ઓટો વર્કશોપ/૧૦૭૨ તા.૧૫–૨–૧૨ થી માંગવામાં આવેલ માહિતીમાં મ્યુ. વર્કશોપ ખાતાને લગતો કોઈ મુદ્દો ન હોવાથી વર્કશોપ ખાતેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી. સેન્ટ્રલઝોન તરફથી મુળ અરજીના મુદ્દાનં.૧,૪ થી ૭, ૯, ૧૦ તથા ૧૪ અને ૧૫ ની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૫–૩–૧૨ ધ્યાને લેતાં ૦૩–૦૪–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૮–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૧–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી મુદ્દાનં.૧,૪ થી ૫, ૯, ૧૦ તથા ૧૪ અને ૧૫ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં. ૭ અંગે અરજદારે સૂચન કરેલ છે કોઈ માહિતી માંગ્યાનું સ્પષ્ટ થતું નથી. જયારે મુદ્દા નં. ૬ની જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન દ્વારા નહીં પૂરી પડાયેલ માહિતી દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ દિન–૭માં અરજદારને વિના મૂલ્યે પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(સી.વાય.ભટ્ટ)<br>
ડે.કમિશ્નર )<br>
અને ત.એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :    –૬–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશનઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી, સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મ્યુ.વર્કશોપ) પર્સોનલ ઓફિસર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી હરીશચંદ્ર ફકીરચંદ્ર ગડરીયા,